# લોકશાહી મંદિરમાં પ્રજાના પ્રતિનિધિઓનો શરમજનક વર્તાવ

## લોકસભા, રાજ્યસભા, ઉત્તરપ્રદેશ અને કાશ્મીર વિધાનસભામાં સર્જાયા શરમજનક દ્રશ્યો

દશ્યોના અહેવાલ રજૂ કરવામાં શરમ અનુભવાય છે

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

અણગમતા કે વણજોઇતા લોકોની દોસ્તીથી બચવાનું સુખ જેવું તેવું નથી હોતું
- જ્ઞાનસૂત્ર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૩૯ | ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૪, ગુરૂવાર; મહા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ‘દીકરી વધાવો’ જિલ્લા પંચાયતનું પ્રેરક અભિયાન

### બી.પી.એલ. પરિવારમાં દિકરીના જન્મને પંચાયત સ્વભંડોળથી ઉજવશે : હીના પટેલ : પંચાયતનું ૨૦૧૪-૧૫નું બજેટ, મનરેગાનું લેબર બજેટ પણ સર્વાનુમતે સામાન્ય સભાએ મંજુર કર્યું : વાર્ષિક ૫૦ લાખનો બોજ પડવાના અંદાજો : દિકરીના જન્મ પર એક હજાર ચુકવવામાં આવશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં સ્ત્રી જાતિ દરના ઘટતા જતા પ્રમાણને ધ્યાને રાખી ૦થી ૨૦ના ગુણાંકમાં આવતા બી.પી.એલ. પરિવારના ઘરે દિકરી જન્મે તો રૂ. ૧૦૦૧નું એન.એસ.સી. પત્ર જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા આપવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં બેટી વધાવો કાર્યક્રમને એક નવી દિશા આપતા મહત્વનો નિર્ણય અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલા પ્રસ્તાવ દ્વારા લેવામાં આવ્યો હતો. આ અંગેનો ખર્ચ જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી કરવામાં આવશે.

મળતી માહિતી પ્રમાણે વર્ષે રૂ. ૫૦ લાખ જેટલો ખર્ચ સ્વભંડોળમાં પડશે. જિલ્લા પંચાયતમાં આ પ્રસ્તાવ અધ્યક્ષસ્થાનેથી શ્રીમતી હિના પટેલે રજૂ કર્યો હતો જેને સભ્યોએ પાટલીઓ થપથપાવી વધાવ્યો હતો.

જિલ્લા પંચાયતના મહિલા પ્રમુખ શ્રીમતી હીના પટેલે આ પ્રસ્તાવ મુકતાં જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ દર ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીની સંખ્યા ૯૨૦ છે જ્યારે વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ ૦-૬ વર્ષની વયજુથમાં ૧૦૦૦ દીકરીઓની સામે ૮૪૭ દીકરીઓ છે, આમ પુરુષોની સરખામણીમાં સતત ઘટતી જતી સ્ત્રીઓની સંખ્યાએ ચિંતાજનક બાબત છે.

આમ પુરુષોની સરખામણીએ સ્ત્રોની સંખ્યામાં પણ સમાનતા આવે તે બાબતે લોકો પ્રોત્સાહિત થાય તે



હેતુએ ગાંધીનગર જિલ્લામાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો, અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિના કુટુંબોમાં બેટીનો જન્મ થાય તો સદર કુટુંબોને પ્રોત્સાહનરૂપે તથા અન્ય લોકો પણ દિકરીનું મહત્વ સમજતા થાય તે હેતુએ, જિલ્લા પંચાયત સ્વભંડોળ સદરેથી પ્રત્યેક કુટુંબને રૂ. ૧૦૦૦ પુરા ચુકવવાનું ઠરાવવામાં આવે છે.

આ પ્રસ્તાવને વિપક્ષના સભ્યોએ પણ આવકાર્યો હતો અને ૦થી ૨૦ના ગુણાંકમાં આવતા તમામ બી.પી.એલ. પરિવારોને આ રકમ ચુકવવામાં આવે તેવો સુધારો સૂચવ્યો હતો જેનો સ્વિકાર કરવામાં આવ્યો હતો.

બેટી વધાવો અભિયાન અંતર્ગત આ મહત્વનો નિર્ણય લેવામાં સૌ સભ્યોએ દર્શાવેલી સહમતિને શ્રીમતી હીના પટેલે આવકારી પત્રકારોને જણાવ્યું હતું કે, ગરીબ પ્રસુતાને મદદરૂપ થવાનો અમારો નમ્ર પ્રયસા છે. દિકરી એ તો આંગણાની વસંત છે. આમ થવાથી ભૃણ હત્યાના બનાવોને નાથવામાં પણ તંત્રને સફળતા મળશે તેવો વિશ્વાસ છે. દિકરી એ જ સાચી મૂડી સૌની એવો સંદેશ અમે આપવા માંગીએ છીએ.

આ અગાઉ જિલ્લા પંચાયતનું સામાન્ય બજેટ પણ રજુ થયું હતું તે પણ સર્વાનુમતે મંજુર થયું હતું. આ ઉપરાંત ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રીમજી જયશ્રીબેન દેવાંગણે રજૂ કરેલ મનરેગાનું લેબર બજેટ પણ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું.

## બજેટમાં માત્ર આંકડાની માયાજાળ છે : ભાજપ

### બજેટમાં શિક્ષણ, સમાજકલ્યાણ-બાંધકામમાં જંગી ઘટાડો કરાયો છે : જયેશ પટેલ : બજેટ સર્વસમાવેશક વિકાસ લઈ આવ્યું છે; બજેટની જોગવાઈ પ્રમાણે ખર્ચ ન કરનાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરો : અજીતસિંહ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતનું વર્ષ ૨૦૧૪-૧૫નું બજેટ એ માત્ર ખાનાપૂર્તિ સિવાય કંઈ જ નથી. આ બજેટમાં ૩૮ લાખ રૂ. જેટલી માતબર રકમ સભ્યોને સુખ-સુવિધા માટે ફાળવી બાંધકામની જોગવાઈઓમાં કરાયેલા ઘટાડા સામે ભાજપના શ્રી જયેશ પટેલે રોષ વ્યકત કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# આજથી આરંભાતુ વિધાનસભાનું સત્ર તોફાની બનશે

ગાંધીનગર, તા.૧૯

વિધાનસભા સત્ર શરૂ થાય તે પૂર્વે ભાજન અને કોંગ્રેસ બંને પક્ષોની મળનારી બેઠકમાં વ્યુહરચના ઘડી કાઢવામાં આવનારી હોઈ આ સત્ર તોફાની બની રહે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે સવારે વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને કોંગ્રેસના ધારાસભ્યોની એક બેઠક મળનારી છે. જેમાં રાજ્યમાં કથળેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ તલાટીના ભરતી કૌભાંડને મુખ્ય મુદ્દો બનાવી રાજ્ય સરકારને ભીંસમાં લેવા માટેની વ્યુહરચના ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વિધાનસભા પક્ષની પણ આવતીકાલે બેઠક મળનારી છે. જેમાં વિપક્ષ કોંગ્રેસની વ્યુહરચનાને ખાળવા અને કોંગ્રેસની યુ.પી.એ સરકારની નિષ્ફળતાઓ છતી કરવા માટેની વળતી વ્યુહરચના ભાજપ દ્વારા ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

વિપક્ષ કોંગ્રેસ દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના મુદ્દા સહિત વિવિધ મુદ્દાઓને લઈને રાજ્ય સરકારને ભીંસમાં લેવા માટેના પ્રયાસ કરવામાં આવે તેવી શક્યતા છે જેને લઈને આવતીકાલથી શરૂ થતું વિધાનસભાનું ટુંકુ સત્ર તોફાની બને તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

# કોંગ્રેસના વધુ એક ધારાસભ્ય જશાભાઈ બારડ ભાજપમાં જોડાયા

### ધારાસભ્ય પદેથી રાજીનામુ આપ્યા બાજ આજે સાંજે કોંગ્રેસ પક્ષને અલવીદા કરીને વિધિવત રીતે ભાજપમાં જોડાતા પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર. સી. ફળદુએ ભાજપનો કેસરી ખેસ પહેરાવીને પુનઃપ્રવેશ આપ્યો હતો

ગાંધીનગર, તા.૧૯

કોંગ્રેસના ધારાસભ્ય જશાભાઈ બારડે ધારાસભ્ય પદેથી રાજીનામુ આપતા વિધાનસભાની ચોથી બેઠક ખાલી પડતા ચાર બેઠકોની પેટા ચૂંટણીઓ આવશે.

લોકસભા ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે રાજકીય પક્ષોમાં આવન - જાવનનો દોર શરૂ થવા પામ્યો છે. કોંગ્રેસના ધારાસભ્ય બાવકુભાઈ ઉઘાડે ધારાસભ્યપદેથી રાજીનામુ આપી કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાયા હતા. ત્યાર બાદ જી.પી.પી.ના પૂર્વ પ્રમુખ કેશુભાઈ પટેલે પણ વિસાવદર બેઠક પરથી રાજીનામુ આપી દીધે છે અને આગામી ટૂંક સમયમાં ભાજપમાં જોડાનાર છે.

વિધાનસભાનું ટુંકુ સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે તે પૂર્વે જ આજે કોંગ્રેસના સોમનાથના ધારાસભ્ય જશાભાઈ બારડે ધારાસભ્ય પદેથી પોતાનું રાજીનામુ વિધાનસભા અધ્યક્ષ વજુભાઈ વાળાને સુપરત કર્યું હતું. આ સમયે પ્રદેશ ભાજપના પ્રવકતા વિજયભાઈ રૂપાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય પદેથી રાજીનામુ આપતા પહેલા જશાભાઈ બારડ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા.

જશાભાઈ બારડે ધારાસભ્ય પદેથી રાજીનામુ આપ્યા બાજ આજે સાંજે કોંગ્રેસ પક્ષને અલવીદા કરીને વિધિવત રીતે ભાજપમાં જોડાતા પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર. સી. ફળદુએ ભાજપનો કેસરી ખેસ પહેરાવીને પુનઃપ્રવેશ આપ્યો હતો.

જશાભાઈ બારડનું મૂળ ગૌત્ર ભાજપ છે. ભાજપમાંથી તેઓ શંકરસિંહ સાથે રાજપામાં ગયા હતા.




## ન્યૂઝ બિટ્સ



### શીલા દીક્ષિત ભાડાના ઘરમાં રહેવા ગયા


દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી



શીલા દિક્ષિત તેઓના આલીશાન સરકારી બંગલાને છોડીને હવે ભાડાના ઘરમાં રહેવા ગયા છે. દિલ્હીમાં સતત ૧૫ વર્ષથી કોંગ્રેસનું શાસન ચલાવનાર શીલા દીક્ષિત ત્રણ મોતીલાલ નહેરુ પ્લેસ સ્થિત સરકારી કોઠીમાં રહેતા હતા. વિધાનસભાની ચુંટણીમાં હાર બાદ તેઓને સરકારી બંગલો ખાલી કરવાનું કહેવામાં આવ્યું હતું.

### સોનિયા સામે આપના શાઝિયા ઈલ્મી ઝંપલાવશે

યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી સામે ‘આપ’ના શાઝિયા



ઈલ્મી ચુંટણી જંગમાં ઝંપલાવશે તેવી વાતો વહેતી થઈ છે. આપની કારોબારીએ શાઝિયાના નામની ચર્ચા કરી લીધી છે. ઈલ્મીએ દક્ષિણ દિલ્હીની ટીકીટ માંગી હતી પણ પક્ષે તેમને રાયબરેલીમાંથી સોનિયા ગાંધીની સામે ચુંટણી જંગમાં ઉતારવાનો નિર્ણય લીધો છે.

### સાંઈબાબાના ભક્તનું શિરડીમાં અધધ ૧૧૨ કરોડનું દાન

સાંઈબાબાના એક પરમ



ભક્ત કે.વી. રમનીએ શિરડીમાં સાંઈ ભકતો માટે રહેવાની વ્યવસ્થા ઉભી કરવા માટેના ‘સાંઈ આશ્રમ’ પ્રોજેકટ માટે રૂ. ૧૧૨ કરોડનું અધધ દાન આપ્યું છે. રમની ચેન્નાઈમાં જન્મ્યા છે અને વ્યવસાયે ઉદ્યોગપતિ તથા સોફટવેર એકસપર્ટ છે.

## જિલ્લામાં શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણ માટે ભ્રષ્ટાચાર : ભાજપ

### કલોલ પંચાયતના મકાનના બાંધકામની મુદત વધારવામાં પણ ભ્રષ્ટાચારની ગંધ આવે છે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં શિક્ષકોના જ ઉચ્ચતર પગાર ધોરણ અંગે કેસોનો નિકાલ નહિ થતો હોવાની ફરિયાદ આજે ભાજપના સભ્યો શ્રી જયેશ પટેલ, શ્રી ગુણવંતસિંહ ચાવડા તથા શ્રી નવિનભાઈ પટેલ અને અન્યોએ દોહરાવતા સામાન્ય સભામાં ઉગ્રતા વ્યાપી જવા પામી હતી.

શ્રી જયેશ પટેલે આ પ્રશ્ને શિક્ષકોને ભ્રષ્ટાચારનો માર્ગ અપનાવવા મજબૂર કરાતા હોવાનો આક્ષેપ પણ દોહરાવ્યો હતો. શ્રી ગુણવંતસિંહ ચાવડાએ ગત સામાન્ય સભામાં બધા જ કેસોનો નિકાલ કરી દેવાશે તેવી ડી.ડી.ઓ.ની ખાત્રી પછી પણ કેસો પડતર રહ્યો છે તે અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી જણાવ્યું હતું કે, તંત્ર સાવ પડી ભાંગ્યું છે એવું હવે સ્પષ્ટ થાય છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, ૩૦૦થી વધુ કેસો પડતર છે તે રજૂઆત યોગ્ય નથી. તેમણે કહ્યું કે, માત્ર ૫૭ કેસો પડતર છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૩૯ અને કલોલના ૧૯ કેસો છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા પંચાયત કારોબારી સમિતિની સત્તાઓ પરત લેવાતા રાજકારણ ગરમાયું

### કોંગી આગેવાનોની વચ્ચે બેઠકોનો સિલસિલો આરંભાયો : કારોબારી સમિતિ હવે નામશેષ થતાં ચેરમેન સહિત સૌ સભ્યો રોલમાં

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની સત્તાઓ પરત લઈ પંચાયત પ્રમુખને સોંપવાના નિર્ણયને પગલે માંડ શાંત થયેલા પંચાયતના રાજકારણમાં પુનઃ ગરમાવો આવ્યો છે અને આગામી દિવસોમાં રાજીનામાના વધુ નાટકો જોવા મળશે તેમ પંચાયતના રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના સરદાર હોલમાં શ્રીમતી હિનાબેન પટેલના અધ્યક્ષપદે મળેલ સામાન્ય સભામાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગેનો પ્રસ્તાવ અધ્યક્ષસ્થાનેથી રજૂ થયો હતો અને સર્વાનુમતે તે પસાર થઈ ગયો હતો. જોકે સામાન્ય સભા પૂર્ણ થયા બાદ કારોબારી સમિતિના ચેરમેનશ્રી રામાજી ઠાકોર આ મુદ્દે ધુઆપુઆ થઈ ગયા હતા અને પ્રમુખની ચેમ્બર સુધી ધસી ગયા હતા.

તેમણે આ મુદ્દે તાત્કાલિક કોંગ્રેસના વડી અગ્રણી ડૉ. સી. જે. ચાવડાને ફોન જોડી પોતાની સખ્ત નારાજગી વ્યક્ત કરી રોષ ઠાલવ્યો હતો. એટલું જ નહિ અકળાયેલા રામાજી ઠાકોરે એક તબક્કે આ પ્રસ્તાવને તાત્કાલિક પાછો ખેંચી ફાડી નાખવાની રજૂઆતો પણ કરી હતી.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે આ પછી શ્રીમતી હીના પટેલને લઈ તેઓ સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ પાસે ગયા હતા. આ ઉપરાંત તેમણે કોંગી નેતાઓને આપેલી રાજીનામાની ધમકીને લઈ મોડી સાંજે ગાંધીનગર ખાતે કોંગી આગેવાનોની એક તાકિદની બેઠક પણ મળી હતી.

ત્રણ જ વર્ષના ટુંકાગાળામાં આ સત્તાઓ પાછી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર